"પતંગીયાને પાંખો ફુટી છે, ચાલો એ કંઈ વાત કરે છે..." ધ્રુવદાદાની આ કવિતાની જેમ જ તસ્વીરનું આ રંગબેરંગી પતંગીયુ જીવંત બની ઉઠ્યું છે. ઈન્દ્રધનુષી રંગોવાળુ આ પતંગીયુ ખુબ જ કોમળ છે. પરંતુ તેની ચંચળતા આંખોને મોહી લે છે. ક્યારેક ફૂલોનો રસ પી ને ઉડી જતુ, તો ક્યારેક ભીની માટીમાં બેસી ઠંડક મેળવવાના પ્રયાસ કરતુ આ નાનકડુ જીવ કુદરતની કરામતનુ અદ્‌ભૂત ઉદાહરણ છે.

ગાંધીનગર જિલ્લામાં ૪ સ્થાનોએ ૧૫૦ બેડની સુવિધા ધરાવતા

હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર ઉભા કરાશે

ગાંધીનગર શહેરમાં ૫૦ બેડની સુવિધા હશે : જ્યારે કલોલ-માણસા અને ગાંધીનગર-અમદાવાદ હાઈવે માર્ગ પર એક-એક સેન્ટર ઉભુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

કોરોના વાયરસને પગલે હરકતમાં આવેલા તંત્રએ આજે કરેલા મહત્વના નિર્ણય મુજબ ગાંધીનગર જિલ્લામાં ૪ હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરો ઉભા કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં એક તેમજ ત્રણ સેન્ટરો જિલ્લામાં ઉભા કરવામાં આવશે. જેમાં બે નગરપાલિકા વિસ્તારમાં હશે.

અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલી સુવિધા આ હોમ કોરોન્ટાઈલ સેન્ટરોમાં હશે. હોસ્પિટલો સિવાયના સ્થળોએ આ સેન્ટરો આવેલા હશે.

આજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિની જિલ્લાઓના તંત્ર સાથે યોજાયેલ વિડીયો કોન્ફરન્સ બાદ જિલ્લાતંત્રએ આ નિર્ણય કર્યો છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં આ બેઠક મળી હતી જેમાં આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. મળતી વિગતો પ્રમાણે આ ચાર સેન્ટરો સિવાય પણ અન્ય બે જગ્યાએ ખાસ કિસ્સામાં જરૂર પડ્યે આવા સેન્ટર ઉભા કરવામાં આવશે. જિલ્લાતંત્ર દ્વારા આ સેન્ટરો ઉભા કરવાની કામગીરી હાથ ધરી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

આજે જિલા કલેક્ટરશ્રીએ ઈન્ડિયન મેડીકલ એસો.ના હોદ્દેદારો અને અગ્રણીઓ સાથે પણ બેઠક કરી ગઈકાલે મોડી રાત્રે આરોગ્ય વિભાગે માર્ગદર્શિકા રૂપે જાહેર કરેલ નોટીફીકેશન અંગેની જાણકારી આપી સતર્ક રહેવા અને તંત્રને જરૂરી સહયોગ આપવા જણાવ્યુ હતુ.

આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલ નોટીફીકેશનમાં કલેક્ટરોને મુખ્ય નોડલ ઓફિસરની જવાબદારી સોંપવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જાહેરમાં થુંકવાને લઈ દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટેનું પણ જાહેરનામુ તંત્ર દ્વારા બહાર પાડવામાં આવે તો દિશામાં વિચારણા હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં હાલ ૪૦ જેટલા દર્દીઓ હોમ કોરોન્ટાઈલ હેઠળ હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે જિલ્લા પંચાયત ખાતે ખાસ કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

ધો-૧૨માં ગણિતના પેપર બાદ વિદ્યાર્થીઓના મિશ્ર પ્રતિભાવ

ગણિતની પરીક્ષા આત્મવિશ્વાસ વધારે તેવી પુરવાર થઇ : જિલ્લામાંથી ૧૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી

ગાંધીનગર તા ૧૪

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે મુખ્ય ત્રણ પૈકી છેલ્લા ગણિતના વિષયની પરીક્ષા હતી. ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તક આધારિત અને સરળ પુરવાર થયુ હતુ. જેના લીધે વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ બેવડાયો હતો. જિલ્લામાંથી ૨૦૯૮ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી. જયારે ૧૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગણિતની પરીક્ષામાં જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા એ ગૃપના વિદ્યાર્થીઓને મુખ્ય ત્રણ વિષયોની પરીક્ષામાંથી છેલ્લુ પેપર ગણિતનુ હતુ. કેમેસ્ટ્રી અને ગણિતના પેપર વચ્ચે સાત દિવસનો સમય હતો. જયારે વચ્ચે ફકત કોમ્પ્યુટરનુ પેપર હતુ. જયારે વિદ્યાર્થીઓને ગણિત વિષયની તૈયારી માટે પુરતો સમય મળ્યો હતો. કીશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત પ્રતિક પંડયાએ જણાંવ્યા મુજબ પ્રશ્નપત્રમાં ૫૦ ગુણના એમ સી ક્યુ તેમજ ૫૦ ગુણની થિયરી પુછાયા હતા. ૫૦ ગુણના એમ સી ક્યુ બધા જ પાઠયપુસ્તક આધારિત હતા. વિદ્યાર્થીઓ સરળતાથી ગણતરી કરી શકે તેવા એમ સી ક્યુ હતા. એમ સી ક્યુના પ્રશ્ન નં - ૨૧ અને ૨૬ એ બે પ્રશ્નો વિદ્યાર્થીઓની વિષય અંગેની ઉંડી સમજ માંગી લે તેવા હતા. જયારે ૫૦ ગુણના થિયરી વિભાગમાં બધા જ દાખલા બેઠા પુસ્તક આધારિત પુછાયા હતા. જયારે ૪ ગુણનો દાખળા નં -૧૭ ટવિસ્ટ કરીને પુછાયો હતો. આમ પેપર એકંદરે સરળ પુરવાર થયુ હતુ.

જયારે કિર્તી ક્લાસના ધ્રુવ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને મુંઝણવામાં મુકવાનો પ્રયાસ ગણિતના પેપરમાં દેખાયો હતો. એમસીક્યુમાં ૨૫ જેટલા પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછાયાનું કહેતા જણાવ્યું હતું કે, એકંદરે પ્રશ્નપત્ર થોડુંક ભારે ગણી શકાય.

જિલ્લામાંથી ૨૦૯૮ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૧૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી વ્યાપી હતી જયારે પોતાનુ મેરિટી ઉંચુ જવાનો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો. ધો -૧૨ ના વિદ્યાર્થીઓ હવે અંગ્રેજી વિષયની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓ ગુજસેટ અને જેઈઈની તૈયારીમાં લાગી જશે.

ધો -૧૨ ના વિદ્યાર્થીઓ હવે અંગ્રેજી વિષયની પરીક્ષા આપી ગુજસેટ અને જેઇઇની તૈયારીમાં લાગી જશે

ઘ-૫ ફુડકોર્ટની દુકાનો મનસ્વી રીતે ફાળવી દેવાની હીલચાલ

યાદીમાંથી રદ થયેલા લાભાર્થીઓને દુકાનો ફાળવી દેવા માટે તંત્રની ગતિવિધિ સામે રોષ : હરાજીથી દુકાનો ફાળવવાની પ્રક્રીયા સંદર્ભે નાયબ મુખ્યમંત્રીના આદેશની પણ અવગણના

ગાંધીનગર તા ૧૪

ઘ-૫ ખાણીપીણી બજારની ચોપાટીમાં ફુડકોર્ટની દુકાનો હરાજી કર્યા વિના મળતિયાને આપી દેવા માટેની હીલચાલ ચાલી રહી હોવાની ચર્ચાથી વિવાદ સર્જાયો છે. છેલ્લા ઘણાં સમયથી ફાળવણી વિના પડી રહેલી દુકાનોના રીપેરીંગ પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવાની નોબત આવી છે. જયારે ફુડકોર્ટની દુકાનો પર ખાતર માથે દિવો કરીને પણ હજુ દુકાનો ફાળવવાના મામલે પારદર્શકતા સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં ખાણીપીણીની સુવિધાના આશયથી ફુડકોર્ટનુ નિર્માણ કરાયુ છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી આ ફુડકોર્ટમાં ૯૬ જેટલી દુકાનો તૈયાર કરવામાં આવી હતી.

જયારે ૩૯ દુકાનો લાભાર્થીઓને ફાળવી દેવામાં આવી હતી. આ દરમિયાન ભ્રષ્ટાચાર થયો હોવાનુ પ્રકાશમાં આવતા ૨૩ જેટલા અયોગ્ય લાભાર્થીઓના નામ રદ કરીને ૫૭ દુકાનો ન ફાળવાતા વર્ષોથી પડતર રહી છે. જેના લીધે સરકારને પણ ભાડાની આવકમાં લાખો રૂપિયાનુ નુકશાન થયુ છે. જયારે હાલ ફુડકોર્ટની આસપાસ લારી ગલ્લાના દબાણોનો પણ અડીંગો જોવા મળી રહ્યો છે. નીતિ નિયમોની ઐસી તૈસી કરીને ૧૦ હજાર લીટરની ભુર્ગભ ટાંકીઓ પણ બનાવી દીધી છે. જયારે સફાઇના મામલે પણ આ વિસ્તારમાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે.

આ સ્થિતિ વચ્ચે મોટાભાગની દુકાનો વેચાણ કે ભાડે આપીને શરતભંગના કિસ્સાઓ પણ થયા હોવાનુ ચર્ચા સ્થાને છે. જયારે હવે બાકીની દુકાનો યાદીમાંથી રદ થયેલા ઇસમોને ફાળવવા માટે હિલચાલ હાથ ધરવામાં આવી છે. પડતર દુકાનો હરાજીથી ફાળવવાના નાયબ મુખ્યમંત્રીના આદેશને પણ તંત્ર ઘોળીને પી ગયુ છે. યાદીમાંથી નામો રદ થઇ ગયા હોય તેવા ઇસમોને પણ દુકાનો પધરાવી દેવાનો કારસો રચાયો છે.

હાલ ફુડકોર્ટની આસપાસ લારી ગલ્લાના દબાણોનો પણ અડીંગો : નીતિ નિયમોની ઐસી તૈસી કરીને ૧૦ હજાર લીટરની ભુર્ગભ ટાંકીઓ પણ બનાવી દીધી : સફાઇના મામલે પણ આ વિસ્તારમાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે

ગાંધીનગર સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં કોરોનાના પગલે એક અઠવાડિયાની રજાઓ જાહેર કરાઈ

ગાંધીનગર, તા.૧૪

હાલમાં ચાલી રહેલા કોરોના વાયરસના ભયને લીધે દેશના ઘણા રાજયની શાળા, કોલેજો, થીએટરો, જીમ, જાહેર સ્થળોને થોડા દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યા છે. ગુજરાત રાજયના આરોગ્ય મંત્રીના જણાવ્યા અનુસાર ગુજરાતની શાળા કોલેજમાં બંધ પાળવામાં નથી આવ્યું પરંતુ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નવી દિલ્હી દ્વારા કરવામાં આવેલા સંદેશા વ્યવહારનું પાલન કરીને તેના ડી.ઓ. પત્ર નંબર એફ.નં.૧-૧૪/૨૦૨૦ મુજબ તા. ૫ માર્ચ દેશમાં નોવેલ કોરોના વાયરસ COVID19 ના ફાટી નીકળવાને કારણે લેવાયેલ પગલાને ધ્યાનમાં રાખતા આ સમયગાળા દરમિયાન સમૂહમાં મળવાનું ટાળવાના ઉદ્દેશથી નોટીફીકેશ નં. ૪૫ સંદર્ભે ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટી દ્વારા તા. ૧૬ માર્ચથી તા. ૨૧ માર્ચ સુધીના સમયગાળા દરમિયાન યુનિવર્સિટીના તમામ વર્ગ અને પરીક્ષાઓને રદ કરવામાં આવી છે.

તા. ૨૧ માર્ચ બાદ આ રોગચાળાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ યુનિવર્સિટી દ્વારા આગળના નિર્દેશો યોગ્ય સમયગાળામાં જાહેર કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા તમામ વિદ્યાર્થીઓને આ બાબતે વધુ સુચનાઓ અને અપડેટ મેળવવા યુનિવર્સિટીની વેબસાઈટની નિયમિત તપાસ કરવા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે તમામ સ્ટાફમિત્રો યુનિવર્સિટીમાં હાજર રહેવાના છે. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. આલોક ગુપ્તા દ્વારા અહીં શિક્ષણ મેળવી રહેલા તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલા આદેશનું પાલન કરવા જણાવાયું છે.

૩૧મી માર્ચ સુધી સામૂહિક મેળાવડા નહી યોજવા નિર્દેશ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં કોરોના વાયરસનો ફેલાવો રોકવા માટે રાજય સરકાર સક્રિય બની ગઈ છે. જે અનુસંધાને સરકારે ધ એપિડેમિક ડિસિઝ એક્ટ, ૧૮૯૭ના અમલની સૂચના માટે જાહેરનામું બહાર પાડ્યું છે. આ એક્ટની કલમ-૨,૩ અને ૪ પ્રમાણે અધિકારીઓને કેટલીક સત્તા આપવામાં આવી છે, તેમજ કેટલાક આદેશ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સરકારે વધુ એક જાહેરનામું બહાર પાડીને તંત્રની સાથે સાથે જાહેર જનતાને પણ સામૂહિક મેળાવડાઓ નહી યોજવા અથવા પાછળ ઠેલવવા માટે અનુરોધ કર્યો છે. સાથે સાથે સરકારી કચેરીઓ કે સંસ્થાઓ તરફથી યોજતા વર્કશોપ કે સેમીનાર પણ તા.૩૧મી માર્ચ સુધી નહી યોજવાના નિર્દેશ જારી કર્યા છે. કરવાની સૂચના આપી છે. ગુજરાત સરકારનો પરિપત્ર

ગુજરાત સરકારના પરિપત્ર પ્રમાણે આ કાનૂન ધ ગુજરાત એપિડેમિક ડિસિઝ, કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ નામે ઓળખાશે. આ કાનૂન જાહેરનામું પ્રસિદ્ધ થયાના એક વર્ષ સુધી અમલમાં રહેશે. આ કાનૂન પ્રમાણે જવાબદાર અધિકારીઓ એટલે કે સ્વાસ્થ્ય કમિશનરો, મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટરો તેમજ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી નિમવામાં આવેલા અધિકારીઓને ગણાશે. ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી કોરોના વાયરસ અંગે એક પરિપત્ર બાહર પાડવામાં આવ્યો છે. જે પ્રમાણે નોવેલ કોરોના વાયરસને વિશ્વ આરોગ્ય સંસ્થા(હુ) તરફથી વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં આ રોગના કુલ ૮૧ કેસ નોંધાયેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે.

બાળ મજુરી - બાળ મજુરી આપણું સામાજીક કલંક છે... રાજય અને કેન્દ્ર સરકારના અનેક પ્રયત્નો છતાં પણ બાળ મજુરી યથાવત છે એટલું જ નહિ પણ વધતી જાય છે... લારી-ગલ્લાની વાત હોય કે કચરો વિણવાની વાત હોય... બાળ મજુરી આંખે ઉડીને વળગે છે... ક્યારે મીટાવશું આ કલંકને....

આર ટી ઓ કચેરીના સંકુલમાં ટ્રેક અને સી સી રોડનુ કામ હાથ ધરાશે

ટ્રેક ફરતે બોર્ડરને કવર કરાશે : સંકુલમાં સી સી રોડ બનાવવાની કામગીરી સહીત ૪૦ લાખનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં નવા સી સી રોડ તેમજ ટ્રેકના રીનોવેશનનુ કામ હાથ ધરાશે. આર ટી ઓ કચેરીમાં ટ્રેકના રીનોવેશનને અનુલક્ષી ટ્રેક ફરતે પતરા લગાવાશે જયારે આર ટી ઓ સંકુલના રસ્તા સી સી રોડના બનાવવા માટે પણ કામગીરી હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

આર ટી ઓ કચેરીમાં અગાઉ મુલાકાતીઓ સંખ્યા વધુ રહેતી હતી.જયારે છેલ્લા કેટલાક સમયથી લર્નિંગ લાયસન્સની કામગીરી આઇ ટી આઇ કક્ષાએ

● અનુસંધાન પાન-૭ પર

હદ વધારવાની દરખાસ્તમાં સમાવિષ્ટ ગામોમાં મનપા વસ્તી ગણતરી કરશે

જો કે હજુ કેટલો વિસ્તાર ભેળવવો તે અંગેનો આખરી નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તાર વધારવાની દરખાસ્તને પગલે જે ગામો સમાવવા માંગતા હોય તે ગ્રામ્ય વિસ્તારની વસ્તી ગણતરીની જવાબદારી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે તેવા સંકેતો વસ્તી ગણતરી પંચ મારફતે આપવામાં આવતાં મનપાનું તંત્ર વધુ એક વખત હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો મુજબ આ માટે વધુ ચાર્જ ઓફિસરોની નિમણુંક સાથે તાલીમ આપવાની તૈયારી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં વધુ બે ચાર્જ ઓફિસરોની નિયુક્તી કરવામાં આવનાર છે.

તંત્ર દ્વારા ૧૭ જેટલા ગામોને મનપાની હદમાં ભેળવવા માટેની દરખાસ્ત પસાર કરાઈ હતી અને તે પછી રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. જો કે હજુ કેટલો વિસ્તાર ભેળવવો તે અંગેનો આખરી નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો નથી.

આગામી ૨૩ માર્ચથી ૨૭ માર્ચ દરમ્યાન વસ્તી ગણતરી અંગેની તાલિમનું આયોજન કરવામાં આવેલ છે. ફિલ્ડ ટ્રેઈનરોને આમાં તાલિમ આપવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

હાલ મ્યુનિ. દ્વારા દરેક વોર્ડમાં એક ચાર્જ ઓફિસરની નિમણુંક કરવામાં આવેલ છે. આમ ૮ વોર્ડ ઓફિસર અને ૪૬૫ બ્લોક સાથે મનપા વિસ્તારમાં વસ્તી ગણતરીનું કામ ૧લી એપ્રિલથી હાથ ધરાવાની છે. જો કે નવા વિસ્તાર માટે બે વોર્ડ ઓફિસરોની નિમણુંક કરવામાં આવશે.

ફિલ્ડ ટ્રેનર તરીકે ગાંધીનગરની સરકારી કોલેજના અધ્યાપકોને પસંદ કરવામાં આવ્યા છે. આ અધ્યાપકોને તાલીમ અપાયા બાદ ગણતરીદારોને તાલિમ અપાશે. ગ્રામ્ય વિસ્તારમાં બ્લોક અને ગણતરીદારોને લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે અને આગામી સપ્તાહમાં આ અભ્યાસ પૂર્ણ થતાં નિમણુંકો આપી દેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

શિક્ષકો જોઈએ છે-વોક ઈન ઈન્ટરવ્યુ
તા.૧૬/૦૩/૨૦૨૦ થી ૧૭/૦૩/૨૦૨૦ સમય : ૧૧-૦૦ થી ૨:૦૦
અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, સામાજીક વિજ્ઞાન, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર (M.A.,B.ed / B.A.,B.Ed.)
ગણિત, વિજ્ઞાન (B.Sc.,B.ed)
કોમ્પ્યુટર શિક્ષક(BCA|PGDCA/MCA/MSC.IT)
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ(અમદાવાદ ઓફીસ માટે)
અરજી અને સર્ટીફીકેટ સાથે હાજર રહેવું.
શેઠ મ.ભ.ઉચ્ચત્તર માધ્યમિક શાળા,(નાની મ.ભ.)
નીલકંઠ વિલાની સામે,પેથાપુર.
Contact : 8320214790

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com